
ઋષિ ચિંતનના સાંનિધ્યમાં

# બાળકોનો ઉછેર વાણીથી નહીં, વર્તનથી કરો.




અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર http://awgp.org

# બાળકોનો ઉછેર વાણીથી નહીં, વર્તનથી કરો.

દેવીઓ અને ભાઈઓ,

આપણે હંમેશા એવું વિચારીએ છીએ કે ઉપદેશો આપને કે ભાષણ કરીને લોકોને પ્રભાવિત કરી તેમનો દૃષ્ટિકોણ અને વ્યવહાર (વર્તન) બદલી શકાય છે અને તેઓ શ્રેષ્ઠ માર્ગે ચાલવા પ્રેરિત બને છે. જો આ વાત સાચી હોય તો કોઈ પણ મનુષ્યમાં કોઈ જાતનો અવગુણ જોવા મળે નહીં અને પ્રત્યેક મનુષ્ય સદાચારી અને ચારિત્રવાન હોત, પરંતુ સત્ય હકીકત આનાથી તદ્દન ઊલટી જ છે. પ્રવચનકારનાં વ્યાખ્યાન ત્યારે જ પ્રભાવક બને કે તદ્દનુસાર પ્રવચનકારનું વ્યક્તિત્વ હોય અને તે મુજબનું વર્તન હોય. ઉચ્ચ કોટિના શ્રેષ્ઠ સંસ્કારવાળી વ્યક્તિઓ જ ખરાબ આદતોને છોડાવવામાં સફળ બને છે, કારણ કે તેઓ પોતાની વાણીથી નહીં, પરંતુ વર્તન દ્વારા બીજાઓને પ્રભાવિત કરે છે.

આ હકીકત જેટલી સામાજિક ક્ષેત્રે લાગુ પડે છે તેટલી જ કૌટુંબિક ક્ષેત્રે પણ લાગુ પડે છે. આપણે ઇચ્છીએ છીએ કે આપણા કુટુંબના બાળકો આપણું કહ્યું માને. તો તેમનું વર્તન શ્રેષ્ઠ બનાવવા માટે આપણે આપણું વર્તન શ્રેષ્ઠ બનાવવું પડશે. સમજાવટથી થોડો ઘણો ફરક જરૂર પડે છે, પરંતુ તેમના સ્વભાવ, વિચાર અને ભાવનામાં પરિવર્તન કરવું હોય તો સૌથી પહેલાં આપણું નિરીક્ષણ કરી એમાં જરૂરી સુધારા કરવા જોઇએ. ઉચ્ચ કોટિના વ્યક્તિત્વનો પ્રભાવ જ કુટુંબના અન્ય સભ્યો ઉપર પડે છે. સળગતો દીવો જ બીજા દીવાને સળગાવી શકે છે.

સારી બાબત કરતાં ખોટી બાબતો બહુ જલદી ગ્રહણ કરી લેવાય છે. મોટાભાગે કુટુંબમાં સભ્યો તથા બાળકો વડીલોનું અનુકરણ જ કરતા હોય છે. કુટુંબમાં ખરાબ ગુણોવાળા સભ્યો એક મહારોગની માફક હંમેશા પીડાતા રહે છે. તેમનામાં સુધારો લાવવાની જરૂર રોગીને નીરોગી બનાવવા જેટલી જ અગત્યતા ધરાવે છે. તેની અવગણના કરવામાં આવે તો કુટુંબના સભ્યમાં ઘૂસેલા દુર્ગુણ આખા કુટુંબની સુખશાંતિનો નાશ કરી ઘરને તદ્દન નર્ક જેવું બનાવી દે છે.

દુર્ગુણોને તો ઊગતા જ ડામી દેવા જોઇએ. જો એકવાર દુર્ગુણો ઘર કરી ગયા તો તેમાં સુધારો થવાની શક્યતા બહુ જ નહિવત્ રહે છે.

કોઈ પણ વ્યક્તિ જો સુખની ચાહના રાખતી હોય તો તેણે પોતાના કુટુંબને પણ સુસંસ્કારી બનાવવું જોઇએ. આવું વિચારતી વખતે આપણે હંમેશાં ખ્યાલ રાખવો જોઇએ કે કુટુંબના સભ્યોને ફક્ત ઉપદેશ આપવાથી કામ ચાલી શકશે નહીં. જો ખાલી ઉપદેશ આપવાથી જ કામ ચાલી જતું હોય તો કુટુંબમાં કોઈને કોઈ સમજુ હોય છે, જે ઉપદેશ આપી શકે. તેની સમજાવટથી જ ઘરના બધા સભ્યો સદ્ગુણી હોત અને ઘરનું વાતાવરણ સ્વર્ગ જેવું બનત, પછી ઘરમાં અશાંતિ હોત જ નહીં અને જો આવું જ હોય તો બાળકો પણ ઉચ્છૃંખલ અને અવગુણી ન હોત.

કુટુંબને સુધારવાની ઇચ્છા રાખનારે સૌ પ્રથમ સુધારો પોતાનામાં કરવો જોઇએ. બાળકને જન્મ આપવાની માતાપિતાનું કર્તવ્ય પૂરું થઈ જતું નથી, પરંતુ તેમની ખરી જવાબદારી તો બાળકોને સંસ્કારી બનાવવાની છે. બાળકોની ખરાબ ટેવો માટે મોટાભાગે તેમના માતાપિતા કે વાલીઓને દોષિત ગણવામાં આવે છે. માતાપિતા પોતે જ જો દુર્ગુણોથી ભરેલાં હોય તો તેમના બાળકોમાં મોટે ભાગે તેવા પ્રકારના જ સંસ્કારો જોવા મળે છે.

બાળકો સંસ્કારી અને સારાં બનાવવા તેમનું સારી રીતે ઘડતર કરવાનું કાર્ય માતાપિતાનું છે. એટલે સૌથી પહેલાં તો માબાપે પોતે સંસ્કારી બનવા માટેનો પ્રયત્ન કરવો પડશે. સારાં બાળકોનો ઉછેર સારી રીતે કરી તેમને સંસ્કારી બનાવવા હોય તો પહેલાં તો પોતાનામાં જ સુધારો કરવો પડશે. જો આમ ન કરી શકીએ તો પછી તેમનામાં સુધારો કરવાની આશા છોડી દેવી જોઇએ અને ઘરમાં જેવાં પણ બાળકનો જન્મ્યાં હોય તેમને પોતાની કરણીનું ફળ માની સંતોષ માનવો જોઇએ. દરેક માતાપિતા કે પાલક પોતાના બાળકને રામ, કૃષ્ણ કે શ્રવણ બનાવવા ઇચ્છે છે, પરંતુ તે પહેલાં પોતે વસુદેવ કે દશરથ સમાન બનવા માટેનો પ્રયત્ન કરે. પોતાના ગુણ, કર્મ અને સ્વભાવથી પોતાને એવા શ્રેષ્ઠ બનાવે કે બાળકો પણ તેમનું જોઈને શ્રેષ્ઠ આચરણ કરે. ફોગટ ઉપદેશ આપવાને બદલે પોતાના વર્તન દ્વારા જ બાળકોમાં સહેલાઈથી સુધારો કરી શકાય છે.

પ્રખ્યાત સમાજશાસ્ત્રી ડો. જેમ્સ બોસાર્ડે લખ્યું છે કે જુદાં જુદાં કુટુંબોમાં જમતી વખતે થતી વાતચીતનો અભ્યાસ કર્યા પછી હું એ તારણ પર પહોંચ્યો છુ કે લગભગ ૯૯% ટકા કુટુંબોમાં જમતી વખતે બીજાઓની નિંદા કરવામાં આવે છે. નિંદા કરવાની આ પદ્ધતિ એટલી પ્રચલિત છે કે આવાં કુટુંબોના લોકો બીજાઓની પ્રશંસા માટે એક શબ્દ પણ ઉચ્ચારતા નથી. સગાંસંબંધીઓ, મિત્રો, પાડોશીઓ, તેમને ઉધાર આપનારા દુકાનદારો, દૂધવાળા, ધોબી વગેરેની તેઓ હંમેશા નિંદા જ કરતા રહે છે. આવા નિંદામય વાતાવરણવાળા કુટુંબના વડીલોની ઉપેક્ષાવૃત્તિ અને લાપરવાહી બાળકોના કુમળા મગજ પર વિષ જેવી ખતરનાક અસર કરે છે. રોજિંદા જીવનમાં કુટુંબમાં જોયેલી આવી બધી બાબતોનું અનુકરણ ચોરીછૂપીથી કરવામાં બાળકો પણ ગર્વ અનુભવે છે.

આનો અર્થ એવો નથી કે બધાં જ કુટુંબોમાં આ રીતની પરિસ્થિતિ છે. કેટલાંક કુટુંબો એવા પણ હોય છે કે જેના સભ્યો પોતાના શિષ્ટ અને સૌમ્ય આચરણથી બાળકોના માનસિક વિકાસમાં પોતાનો ફાળો આપે છે. પોતાની આપસની વાતચીતોમાં બાળકોને પણ મહ્ત્વ આપી, ભાગ લેવા દઈ તેમના ઉત્સાહમાં વધારો કરે છે. આના માટે ડો.બોસાર્ડનું કહેવું છે કે વડીલોએ બાળકોને સ્વસ્થ વાતાવરણ મળી રહે તે માટે પોતાની વાતચીત કરવાની પદ્ધતિ બદલી નાંખવી જોઇએ. આપણે એ વાતનું હંમેશા ધ્યાન રાખવું જોઇએ કે આપણે જે વાતચીત કરીએ છીએ તેના પર બાળકો પર પોતાના વિચારો દર્શાવવા ઇચ્છે છે. તેમના વિચારોમાં પરિપક્વતા ન હોય તો પણ તેમને ધ્યાનથી સાંભળવા જોઇએ. જો આમ નહિ કરીએ તો તેમના વિચારો કદાચ કાયમ માટે અપરિપક્વ રહી જશે.

ડો. બોસાર્ડનું કહેવું છે કે તમને આને માટે જો કોઈ યોગ્ય ઉપાય સૂઝતો ન હોય તો તમારે પેલા પ્રખ્યાત વકીલ કે જે પોતાના પરિવાર સાથે બેસીને પ્રશ્નની ચર્ચા કરતો તેના જેવું વલણ અપનાવવું જોઇએ. તેની પત્ની અને બાળકો વારાફરતી પ્રશ્નનો ઉકેલ શોધવાનો પ્રયત્ન કરતાં હતા અને છેવટે તેનો સાચો ઉત્તર તે વકીલ જ જણાવતો હતો.

વકીલના આ પ્રયત્નો દ્વારા બાળકોની તર્કશક્તિ, બુદ્ધિ અને જ્ઞાનનો વિકાસ તો થતો જ હતો, સાથે સાથે ખોટી નિંદાઓ અને ટીકાઓ કરવા જેવી ખરાબ ટેવોથી પણ તેમને બચાવી શકાતા હતા.

લશ્કરમાં અને કોન્વેન્ટ સ્કૂલોમાં આધ્યાત્મિક શિક્ષણ, જીવનમાં નૈતિક મૂલ્યોનું મહત્વ, જીવનનો ઉદ્દેશ તથા તેની મહાનતાનું જ્ઞાન આપવામાં આવતું નથી. તેથી બાળકો માત્ર એકતરફી શિક્ષણ મેળવે છે. ફક્ત એટિકેટ (શિસ્ત) શીખીને જ બહાર આવે છે. તો ઉપરોકત શિક્ષણ કુટુંબના વડીલો દ્વારા કૌટુંબિક શાળામાં તો જરૂર સારી રીતે આપી શકાય. બાળકના જીવનમાં પોષણયુક્ત આહાર કરતાં પણ વધારે જરૂરિયાત સિવિક સેન્સ, શિષ્ટાચાર અને શાલીનતાથી છે. હવે તો કુટુંબીજનોએ પોતે સમય કાઢીને આ અવગણના પામેલ સમસ્યાના સમાધાન શોધવાનો પ્રયાસ કરવો જોઇએ. અને તેને માટે સૌથી પહેલા માતાપિતા, ભાઈ બહેન વગેરે જાતે તેનો પ્રયોગ કરે અને આમ થશે તો જ દિવસે દિવસે તૂટતી રહેલી અને છિન્નભિન્ન થઈ રહેલી આપણી કૌટુંબિક સંસ્થાને નાશ પામતી અટકાવી શકાશે.

બાળકોના વ્યક્તિત્વની દિશા અને તેમના ઘડતરનો આધાર તેમના વડીલો પર રહેલો છે. બાળકોના આ નિર્માણ પાછળ કોઈ વિશેષ પ્રયત્નો, રોકટોક કે સલાહસૂચન કામ નથી આવતા, પરંતુ પોતાના વર્તન અને વ્યવહારનો પ્રભાવ જ કામ લાગે છે. બાળકોનું મન તો એક કોરા કાગળ જેવું છે. તેના પર જેવું ઇચ્છો તેવું લખી કે અંકિત કરી શકો છો. પોતાના બાળકોને શું બનાવવા છે ? કેવા બનાવવા છે ? અને તેના માટે આપણે શું કરીએ ? આ પ્રશ્નોના જવાબનો આધાર તેમના વડીલો પર છે.

જેમને પણ પોતાના બાળકોને સુસંસ્કારી અને ચારિત્ર્યવાન બનાવવા હોય તેમણે તે મુજબની વ્યવસ્થા તથા આચરણ કરવું જોઇએ. બાળકોના વ્યક્તિત્વરૂપી છોડનો વિકાસ ઘરની ચાર દીવાલોમાં જ થાય છે અને બાળક ઘરમાં જ સુરક્ષિતતા અનુભવે છે. તેના જીવનવિકાસની સામગ્રી તે ઘરમાં પોતાના માતાપિતા તથા વડીલો પાસેથી જ મેળવે છે. વૃક્ષના મૂળ તેને જરૂરી તત્વો જેમ ધરતીમાંથી ચૂસે છે તેમ બાળક પોતાનું બૌદ્ધિક પોષણ તેમજ વ્યક્તિત્વનો આહાર વડીલો પાસેથી મેળવે છે.

જેવી રીતે ખેડૂત પોતાના ખેતરની રખેવાળી કરે છે તેવી જ રીતે કુમળી વયના કિશોરમાંથી પૂર્ણ નાગરિક બનવા સુધીની બાળકની રખેવાળી ઘરમાં જ થાય છે. તેથી બાળકના વિકાસ માટે સાવધાની અને સતર્કતા રાખવી જરૂરી બની જાય છે.

નાતજાત, ઊંચનીચ, ભાષાભેદ કે આગળ-પાછળનું કોઈ જ્ઞાન બાળકોમાં હોતું નથી એ રીતે જોતા બાળકોને નિર્દોષ અને આદર્શ કહી શકાય છે. તેમનામાં કમી હોય છે તો માત્ર તેમના અબોધપણાની. તેની આ અબોધાવસ્થા તે તેના માતાપિતા પર આધારિત હોવાના લીધે જ હોય છે. બાળકનો વિકાસ કરીને તેને ઉચ્ચ ચારિત્ર્યવાળો, નીતિવાન, સદ્દગુણસંપન્ન નાગરિક બનાવવો કે તેનો સમૂળગો નાશ કરવો તેનો આધાર તેના માતાપિતાની ઇચ્છા પર રહેલો છે. આ બાબતમાં પ્રસિદ્ધ બાળવૈજ્ઞાનિક આર્થર ડિંગલેએ કહ્યું છે કે ‘ આપ જે કંઈ કહો છો તેનો બાળક અમલ કરતો નથી, પરંતુ આપ જે કંઈ કરો છો તેમાંથી તે શીખે છે ‘ તે અક્ષરશઃ સાચું જ છે.

કુટુંબના વાતાવરણનો પ્રભાવ બાળક પર અવશ્યપણે પડે જ છે. ઘરના લોકોની રહેણીકરણી કેવી છે? તેઓ કેવી રીતે વ્યવહાર કરે છે ? કેવું વર્તન કરે છે ? તેમની આદતો કેવી છે અને સ્વભાવ કેવો છે ? વગેરે બાબતો પર જ બાળકના જીવનનું ઘડતર થાય છે. તેના વ્યક્તિત્વનો વિકાસ થાય છે. ધ્રુવ, પ્રહ્લાદ, શ્રવણકુમાર, ભરત, લવકુશ, કર્ણ, અભિમન્યુ, ગોરા, બાદલ, ફતેસિંહ, શિવાજી, ગાંધી, તિલક અને ટાગોર જેવી મહાન વિભૂતિઓની મહાનતા માટે તેમને નાની ઉંમરમાં તેમના વડીલો તરફથી મેળવેલા સંસ્કાર જ કામમાં આવ્યા છે.

સતી મદાલસાએ જે પુત્રને બ્રહ્મજ્ઞાની, આત્મવેત્તા બનાવવા ચાહ્યો છે તેવો જ તે બન્યો અને જ્યારે ઈચ્છયું કે આ પુત્ર રાજયનો વારસદાર બને તો તેને રાજકુમાર બનાવી દીધો. શકુંતલાને ન તો કોઈ રાજકીય સંરક્ષણ મળ્યું હતું કે ન તો તે કોઈ મહેલમાં તે રહી હતી. અરે, ત્યાં સુધી કે તેનો પ્રસવ પણ વનમાં થયો હતો, છતાં તેણે પોતાના પુત્રને એવું શિક્ષણ આપ્યુ કે એક દિવસ તે સંપૂર્ણ આર્યાવર્તનો સ્વામી બન્યો અને તે જ ભરતના નામ પરથી આપણા દેશનું નામ ભારતવર્ષ પડયું.

બાળકો તો એક ભીની માટીના લોંદા જેવા હોય છે. તેમને જેમ ચાહો તેવા ઘાટ, આકાર કે બીબામાં ઢાળી શકો છો. તેમને જેવાં બીબામાં ઢાળવામાં આવે તે પ્રકારના તેઓ બને છે, તેવો આદર્શ રજૂ કરે છે. પરંતુ તેના માટે કોઈ વિશેષ પ્રયત્નોની જરૂર પડતી નથી. આના માટે આપણા પોતાના વ્યક્તિત્વના માધ્યમ દ્વારા જ પ્રભાવ પાડી શકાય છે.

આપણું વર્તન અને વ્યવહાર અલગ પ્રકારના હોય અને બાળકને મહાન બનાવવા માટે રોકટોક કે ફક્ત મૌખિક ઉપદેશ આપવામાં આવે તો તેનાથી બાળકોમાં ભય, દ્વેષ અને કટુતાની ભાવના જ પેદા થાય છે. આ ભાવનાઓ બાળકના જીવનનિર્માણમાં નુકસાનકારક બની રહે છે અને અંતે તેઓ અલ્પવિકસિત અને અવિકસિત રહી જાય છે તથા જીવનના કોઈ પણ ક્ષેત્રમાં કોઈ ઉલ્લેખનીય પ્રગતિ કે સફળતા પ્રાપ્ત કરી શકતા નથી. જે સંતાનો સ્વભાવથી જ દુર્બળ, ભીરુ અને કાયર હોય તે પોતાના રાષ્ટ્ર અને સમાજને કેવી રીતે સુદૃઢ અને શક્તિશાળી બનાવી શકે ?

જે પોતાના વ્યક્તિગત જીવનમાં જ કોઈ સમસ્યાનું યોગ્ય નિરાકરણ કરી શકતા નથી તેઓ રાષ્ટ્રનિર્માણ જેવી મહત્વપૂર્ણ જવાબદારીનું તો પાલન જ કઈ રીતે કરી શકે ? તેથી જ વડીલોએ બાળકો સામે યોગ્ય વ્યવહાર તથા વર્તન કરવા જોઇએ અને પોતાના વ્યક્તિત્વ દ્વારા તેમના માર્ગદર્શન બનવાનો આદર્શ રજૂ કરવો જોઇએ.

મોટેરાઓમાં જે આદતો એક જડ નાખી બેઠી હોય છે તેના બીજ બાળપણમાં જ ઘરના લોકો દ્વારા તેમનામાં વાવવામાં આવ્યાં હોય છે. તેથી કુટુંબીજનોએ પોતે સારી વૃત્તિઓ અપનાવી ખરાબ અને અનિચ્છનીય દુષ્પ્રવૃત્તિઓને છોડી દેવી જોઇએ. આવા વાતાવરણમાં ઉછેરેલા બાળકો સારા આચારવિચારવાળાં બને છે અને તેથી બાહ્ય સંસ્કારોના પ્રભાવની રાહ જોયા વિના પરિવારના સમજુ સભ્યોએ પોતાના આંતરિક સદ્ગુણોનો જ વિકાસ કરવો જોઇએ, જેથી બાળકો તેની સારી અસરો ગ્રહણ કરી શકે.